**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૧૬/૧૦/૨૦૧૪ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૭૫/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૬૧ લીટર દેશી દારૂ અને ૦૧ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૫૭૬/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૫૭૭/૧૪**

**અમરાઇવાડી :** અમરાઇવાડી વિસ્તારમાં રહેતી ૩૦ વર્ષની પરણીત મહિલાએ તા.૧૫/૧૦/૧૪ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે છેલ્લા આઠ વર્ષથી પોતાના પતિ, સસરા, સાસુ, નણંદ, અને બે દિયરો એ ભેગામળી પરણીતાને માનશીક અને શારીરીક ત્રાસ આપેલ તેમજ પરણીતાનાં બંને દિયરોએ અને સસરાએ પરણીતાની મરજી વિરૂધ્ધ બળજબરીથી અવાર-નવાર પરણીતા સાથે શરીર સબંધ બાંધ્યો હતો તેમજ તેના પતિએ પરણીતા સાથે સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્યુ કર્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.બી.ચાવડા ચલાવે છે.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૫૭૮/૧૪**

**વટવા :** ધર્માભાઇ હરીપ્રસાદ ગુજ્જર (રહે.ગામ: રૌડકલા, થાના: રૌદકલા, જી.કરૌલી, રાજસ્થાન) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૧૦/૧૪ બપોરનાં ૨/૪૫ વાગ્યાના સુમારે વટવા નારોલ વિસ્તારમાંથી પોતાના પુત્ર દયારામ (ઉ.વ.૧૮) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.આર.સંગાડા ચલાવે છે.

**દુષ્પ્રેરણ :-** **સમાચાર યાદી નં.૨૫૭૯/૧૪**

**નવરંગપુરા :** હર્ષાબહેન દલપતસિંહ પુસલ (રહે.પાર્થ એપાર્ટમેન્ટ, સુભાષબ્રીજ, સાબરમતી) એ તા.૧૫/૧૦/૧૪ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૦૪ થી તા.૨૬/૭/૧૪ દરમ્યાન આરોપી (૧) વિનય કાંતીભાઇ પુસલ (૨) કાંતીભાઇ સદાજી પુસલ (૩) પાર્વતીબહેન કાંતીલાલ પુસલ (૪) ચેતન કાંતીલાલ પુસલ (તમામ રહે.બાકરઅલીવાડી, મીરઝાપુર) નાઓએ ભેગામળી હર્ષાબહેનનાં સગા બહેન દક્ષાબહેનને શારીરીક અને માનશીક ત્રાસ આપતાં તેમજ "ઘરમાંથી નિકળી જા, અને નદીમાં પડી મરી જા" તેમ કહેતાં દક્ષાબહેનને મનમાં લાગી આવતાં તેમણે તા.૨૬/૭/૧૪ નારોજ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પાંડોર ચલાવે છે.

**<u>કરંટ લાગતાં મૃત્યુ :</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૮૦/૧૪</u>**

**વટવા :** રાધે હરીભાઇ ચૌધરી (ઉ.વ.૩૫) (રહે.બચુભાઇનો કુવો, પાઠક મેડીકલની ગલીમાં, વટવા) ને તા.૧૫/૧૦/૧૪ બપોરનાં ૧૨/૫૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાણીની મોટર ચાલુ કરવા જતાં કરંટ લાગ્યો હતો. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અરવિંદભાઇ જેઠાભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૫૮૧/૧૪</u>**

**દાણીલીમડા :** સરવરખાન અજીજખાન પઠાણ (ઉ.વ.૪૦)(રહે.પીરકમાલ મસ્જીદ સામે, દરગાહની અંદર, દાણીલીમડા) એ કોઇ કારણસર પોતાના ઘરે તા.૧૫/૧૦/૧૪ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૧૧/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિશ્વાસભાઇ શ્યામરાવ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.